
# NAVSARJAN

## Xavier's Cell for Human Development

# બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન-2021

## અહેવાલ





Near Old RTO., Ring Road, Surat-395001
Ph:0261-2475683 Email: navsarjansurat1986@gmail.com


NAVSARJAN XCHD

## **પ્રસ્તાવના :**

**સિગમન્ડ ફ્રોઈડના** મતે કોઇપણ બાળકના આવનારા વર્ષો તેના બાળપણના અનુભવો પરથી નક્કી કરી શકાય.

**પ્રખ્યાત બાળ મનવૈજ્ઞાનિક સ્કોફે જણાવ્યું છે કે** સારા કૌટુંબિક વાતાવરણમાં ઉછરેલ બાળકનું વર્તન સારુ હોય છે અને તે કોઈપણની સાથે અનુકૂલન સાધી લે છે, જ્યારે ખરાબ કૌટુંબિક વાતાવરણનું બાળક કોઈની સાથે અનૂકૂલન માટે સંવાદીતા સાધી શકતો નથી.

થોડા મહિનાઓના નાના બાળકો અથવા અમુક દિવસોના નાના બાળકો પણ બાળ જાતીય દુર્વ્યવહારના શિકાર હોઈ શકે છે. જાતીય શોષણ માત્ર છોકરીઓનું જ થાય છે તેવું નથી હોતું. છોકરાઓ પણ તેનો શિકાર બને છે.

બાળ જાતીય દુર્વ્યવહાર એ લિંગ, વર્ગ, જાતિ કે માનવવંશીયતાથી ઉપર છે અને શહેરી અને ગ્રામીણ બન્ને વિસ્તારોમાં થાય છે. 90% કિસ્સાઓમાં જાતીય શોષણના ગુનેગારો બાળકોને જાણીતા હોય છે.

બાળકના કિસ્સામાં કોઈ ‘અનુમોદન’ નથી. કાયદા પ્રમાણે, 16 વર્ષથી નીચેની ઉંમરની છોકરી સાથેના જાતીય સંભોગને બળાત્કાર ગણવામાં આવે છે. જ્યારે બાળક દુરર્વ્યવહારને રજૂ કરતા નથી, ત્યારે તેમની વિશ્વસનીયતા પર પ્રશ્ન જાગે છે અને તેમના વિશ્વાસ અને આત્મ-વિશ્વાસનો પણ દુરૂપયોગ થાય છે. બાળકનો અપરાધભાવ તેને કે તેણીને તે વિચારવા માટે મજબુર કરે છે કે તેમનો દુરૂપયોગ થવામાં અમુક હદે દુરર્વ્યવહારી સામેનું તેમનું વર્તન પણ કારણ હતું.

સુરતની વાત કરીએ તો સુરતની ૮૫% વસ્તી સ્થળાંતરિત છે. આ ઔધોગિકનગરીમાં લોકો રોજી રોટીની શોધમાં આવે છે અને સાથે પરિવારને પણ લાવે છે. આ પરિવારમાં રહેનારા બાળકો પર તેમના વિકાસ પર માતા પિતા દયાન આપી શકતા નથી. પોતાની રોજી રોટી માટે પ્રયત્ન કરતા હોય ઘણીવાર બાળકોને એકલા અથવા બીજાના સહારે મૂકીને કામ પર જતા હોય છે, આવા બાળકોની જાતીય શોષણના ભોગ બનવાની શક્યતાઓ સૌથી વધારે હોય છે.

નવસર્જન જે છેલ્લા ૩૫ વર્ષોથી સુરતની ઝૂપડા વિસ્તારોમાં કામ કરે છે. તે પોતાના કાર્યવિસ્તારોમાં બાળકો પર થતા જાતીય શોષણના મુદાને લોકો વચ્ચે લઇ જઈને જાગૃતિ ફેલાવવા માટે **બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન** દ્વારા પ્રયત્ન કરે છે.




NAVSARJAN
XCHD



# ડાયરેક્ટરની કલમે ..........

*નેલ્સન મંડેલાએ કહ્યું છે કે "બાળકો એ આપણો મહાન ખજાનો, સંપતિ છે. તેઓ અમારૂં ભવિષ્ય છે."*

## ફાધર રાજીવ ચક્રનારાયણ એસ.જે.

સમગ્ર વિશ્વમાં બાળકોની વસ્તીના 19% બાળકો ભારતમાં રહે છે. જ્યારે દેશમાં 40% લોકો સગીર છે. પણ આજે ભારતમાં બાળકો માટે સૌથી સુરક્ષિત જગ્યાઓ પણ હવે સુરક્ષિત નથી રહી. છેલ્લા કેટલાક દિવસોથી નાના બાળકોનું તેમના ઘરે અને સ્કૂલમાં જાતીય શોષણ થતું હોવાના સમાચાર જોવા મળી રહ્યા છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્ઝ અનુસાર વર્ષ 2015માં બાળકો વિરુદ્ધ થયેલા 91,172 અપરાધમાંથી 42,520 એટલે કે 45.50 ટકા અપરાધો જાતીય શોષણ સંબંધિત હતા. બાળ અધિકાર સમુહો દ્વારા એકત્રિત આંકડા જણાવે છે કે, બાળકો સાથે થતાં બળાત્કારના કિસ્સાઓમાં ઓછામાં ઓછા 94% કિસ્સામાં અપરાધી આવા બાળકોના પરિચિત જ હતા, જ્યારે 35% અપરાધી તેમના પાડોશી હતા અને 10% તો તેમના પરિવારના સભ્ય અને સંબંધી હતાં.

આપણે સુરતની વાત કરીએ તો વર્ષ 2018 પોક્સો અંતર્ગત 274 કેસ દાખલ થયા હતા, 2019માં 358 કેસ દાખલ થયા અને 2020માં 270કેસ કોર્ટમાં દાખલ થયા હતા.આ સંખ્યા રજીસ્ટર કેસની છે જે કેસ રજીસ્ટર નથી થયા તેની સખ્યા વિશે અનુમાન લગાવવું પણ મુશ્કેલ છે.

નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવેલોપમેન્ટ બાળકોના સર્વાંગી વિકાસ માટે છેલ્લા 35 વર્ષો થી કાર્યરત છે. બાળકોને એક સ્વચ્છ, સુંદર અને પોતાનો વિકાસ કરી શકાય તેવું વાતાવરણ મળે તે માટે પ્રતિબદ્ધ છે.

'સુરત' બાળકો માટે એક સુરક્ષિત શહેર બની રહે તે માટે લોક જાગૃતિ ખુબ જરૂરી છે. નવસર્જન "બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન" દ્વારા બાળકો સાથે થતા જાતીય દુર્વ્યવ્હારના ગુનાહો વિશે લોકો, બાળકો જાગૃત કરવા, બાળકો સાથે કામ કરતા તમામ સરકારી વિભાગોને સાથે રાખીને કરવાના છે.

નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવેલોપમેન્ટના મારા તમામ સાથી મિત્રોને હું શુભેચ્છાઓ પાઠવું છું. બાળકોના મુદાને લઈને તેમણે જાગૃતિ માટેનું જે રણશિંગુ ફૂંકયુ છે તેની હું સરાહના કરું છું. સર્વને શુભેચ્છા અને સર્વનો આભાર.

NAVSARJAN XCHD

# જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
ફોનનં.૦૨૬૧- ૨૬૫૧૪૫૦
**Email:- -wco-wcd-sur@gujarat.gov.in**


જા.નં.મબાઅ/સુરત/**OSC**/૨૦૨૦-૨૧/૩૪૧ તા:- ૦૨/૦૨/૨૦૨૧

પ્રતિ,
નવસર્જન
ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલપમેન્ટ
રીંગ રોડ, સુરત

વિષય: "બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન" અન્વયે અહેવાલમાં પ્રકાશિત કરવા બાળ સુરક્ષા સંદર્ભે સંદેશો આપવા બાબત

**Children are the world's most valuable resource and best hope for the future.**

**-John F. Canady**

બાળકો એ દેશનું ભાવિ છે. સ્વસ્થ, સુરક્ષિત અને શિક્ષિત બાળકોથી સબળ અને સક્ષમ સમાજનું નિર્માણ કરી શકાય. બાળકોની સુરક્ષા એ આપણી સૌથી જવાબદારી છે. બાળકો સાથે વધતા જતા હિંસાના બનાવો આપણા સહુ માટે એક ચિંતાનો વિષય છે.

નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલપમેન્ટ દ્વારા સુરત શહેર બાળકો માટે એક સુરક્ષિત શહેર બની રહે તે માટે લોક જાગૃતિના વિવિધ કાર્યક્રમોથી જે પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે જે સરાહનીય છે. સરકારશ્રીના 'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજના અંતર્ગત લોક જાગૃતિ અર્થે વિવિધ કાર્યક્રમો, શિબિરોનું આયોજન આવકાર્ય છે. બાળકોના સંવેદનશીલ વિષયો પરત્વે બાળકો અને વાલીઓ વધુમાં વધુ જાગૃત બને તેવી શુભેચ્છા પાઠવું છું.

મહિલા અને બાળ અધિકારી
સુરત

NAVSARJAN XCHD

# જિલ્લા બાળ સુરક્ષા એકમ – સુરત.

બ્લોક-એ , ભોયતળીયું , જિલ્લા સેવા સદન -૨ ,

અઠવાલાઇન્સ , સુરત . ૩૯૫૦૦૧ .

ફોન નંબર : ૦૨૬૧-૨૬૫૧૪૭૭

ઇ-મેઇલ :- surat.dcpu@gmail.com


ક્રમાંક : ડીસીપીયુ/સુરત/ / ૨૦૨૦-૨૧ તા. ૨૮-૦૧-૨૦૨૧



બાળકો એ દેશનું ભવિષ્ય અને તાકાત છે. બાળકોનું આરોગ્ય, શિક્ષણ અને વિકસવાની તક એ ભવિષ્યના દેશની શક્તિ છે. ભારતના બંધારણમાં અનુચ્છેદ ૧૫માં બાળકના અધિકાર માટેના વિશેષ કાયદાઓથી બાળકની સમાનતા, જીવનની સુરક્ષા, અંગત સ્વાતંત્ર્ય અને શોષણ સામેના અધિકારનું જતન કરવાની જોગવાઈ છે.

જીલ્લા બાળ સુરક્ષા એકમ, સુરત બાળ અધિકારોના રક્ષણ અને બાળકના શ્રેષ્ઠ હિત માટે સતત કાર્યશીલ છે. આ એકમ મુશ્કેલ સંજોગોમાં બાળકોની તંદુરસ્તી સુધારવા તેમજ બાળકોને દુરૂપયોગ, ઉપેક્ષા, શોષણ, હિંસા વગેરેથી બચાવવા માટે વિકસાવવામાં આવેલ છે.

બાળકોના અધિકાર અંગે દેશમાં વિવિધ કાયદાઓ પ્રવર્તમાન છે. જે પૈકી જુવેનાઈલ જસ્ટિસ ( કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ) એક્ટ ૨૦૦૦ અને સુધારો ૨૦૧૫ અન્વયે ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય સંકલિત બાળ સુરક્ષા યોજનાને રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારતા વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૦ થી રાજ્યમાં અમલી બનાવેલ છે. તેમાં વિવિધ યોજનાઓ બનાવવામાં આવેલ છે. આ યોજનાનો મૂળભૂત હેતુ કાયદાના સંઘર્ષ કે સંપર્કમાં આવતા તેમજ કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોનું સમાજમાં, કુટુંબમાં યોગ્ય પુન:સ્થાપન કરવાનો છે.

નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ દ્વારા ૧૮ જાન્યુઆરી થી 23 જાન્યુઆરી ૨૦૨૧ દરમ્યાન કરવામાં આવેલ "બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન" તેમજ સુરતના 30 ઝુપડા વિસ્તારોમાં મોટા પાયે બાળ સુરક્ષા જાગૃતિ બાબતે બાળકો, વાલીઓ અને સુરતના સામાન્ય નાગરીકોમાં જાગૃતા લાવવાના પ્રયાસ બદલ જીલ્લા બાળ સુરક્ષા એકમ, સુરત વતી નવસર્જન ટીમને ધન્યવાદ પાઠવું છું.

શ્રીમાન જયેન્દ્ર એમ. ઠાકોર

જીલ્લા બાળ સુરક્ષા અધિકારી, સુરત

NAVSARJAN XCHD



**સમીર મેકવાન**

# પ્રોગ્રામ મેનેજરની કલમે ..........

મુક્ત અને પ્રફુલિત બાળપણ એ દરેક બાળકનો અધિકાર છે. ગુજરાતીમાં કહેવામાં આવે છે તમે જે વાવશો તેજ લણશો. એનો સીધો અર્થ એ થાય કે આજના બાળકને તમે જે આપશો તેવો આવતીકાલનો નાગરિક આપણને મળશે. હાલમાં છાપામાં અવારનવાર વાંચવામાં આવે છે, કે ત્રણ વર્ષની કે છ મહિનાની બાળકી ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો અને તેની હત્યા કરવામાં આવી. આજના સમયમાં કુમળી ઉંમરનાં બાળકો ઉપર જાતીય અત્યાચારના કિસ્સાઓ વધી રહ્યાં છે. આવા કિસ્સાઓનો અભ્યાસ સૂચવે છે કે બાળકના નિકટના સગાઓ કે પરિચિતો દ્વારા જ તેનું જાતીય શોષણ થતું હોય છે.

સુરતમાં સ્થળાંતરિત પરિવારોની સંખ્યા ખુબ મોટી છે. સુરતમાં કેટલાક વિસ્તારો તો એવા છે કે જ્યાં માત્ર અને માત્ર પુરુષો એકલા રહે છે. સુરતના ઉધના, ડીંડોલી, ભેસ્તાન પાંડેસરા જેવા વિસ્તારોમાં બાળકો સાથે જાતીય શોષણના કિસ્સાઓ વધારે છે. જે એક ચિંતાનો વિષય છે.

નવસર્જન બાળકો સાથે ૧૯૮૬ થી કામ કરે છે અને આ વંચિત બાળકોને શિક્ષણ થકી તેમના વિકાસની તક પૂરી પાડવાનો પ્રયત્ન કરી રહ્યું છે. નવસર્જન બાળકો સાથે થતા જાતીય શોષણને કડક શબ્દોમાં વખોડે છે અને આવા કિસ્સાઓ ના બને તે માટે બાળકો, વાલીઓ અને લોકોમાં જાગૃતિ લાવવા સતત પ્રયત્નશીલ રહે છે.

હાલમાં નવસર્જન એક અઠવાડિયાનો એક મેરોથન જાગૃતિ કાર્યક્રમ ૩૦ ઝૂપડપટ્ટી વિસ્તારોમાં કરવા જઈ રહ્યું છે. નવસર્જનના કર્મઠ કર્મચારીઓ, ૨૮ મહિલા સંગઠનોના સભ્યો અને સ્થાનિક આગેવાનો આ મહા યજ્ઞમાં જોડાશે. આ જાગૃતિ કાર્યક્રમ અમે સતત ચાલુ રાખવા પ્રયત્નશીલ રહીશું.

અમારા આ પ્રયત્નથી સુરતમાં બાળકો અને વાલીઓમાં જાગૃતિ આવે અને બાળકોનું જીવન ખુશાલ બને તેવો અમારી આશા છે. નવસર્જનના તમામ સાથીઓને આ ઉમદા કાર્યમાં જોડાવા અને પૂરા ખંત અને પૂર્વક આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આભાર અને અભિનંદન.


NAVSARJAN XCHD

## કાર્યક્રમનો ઉદેશ્ય:




2011ના સેન્સસ ઈન્ડિયાના અહેવાલમાં આવેલા આંકડા મુજબ સુરત શહેરમાં કુલ બાળકો (0-6) 549,882 છે. તેમાં 304,154 છોકરાઓ હતા જ્યારે 275,728 છોકરીઓ છે. જે સુરત શહેરની કુલ વસ્તીના 12.31% છે. સુરત સતત વિકાસશીલ શહેર છે તેથી છેલ્લા 10 વર્ષમાં આ સંખ્યામાં ઘણો વધારો થયો હશે.

જયારે સુરતમાં આટલી મોટી સંખ્યામાં બાળકો હોય તો તેમના વિકાસ અને સુરક્ષા માટેની જરૂરિયાતો પૂરી કરવાની શહેરની ફરજ આવે છે. સુરતમાં સ્થળાંતર થઈને આવેલા કુટુંબના બાળકો જાતીય શોષણનો શિકાર ખુબ જ સરળતાથી બની જાય છે.




સુરતની કુલ વસ્તીના 10.46% વસ્તી ઝૂપડા વિસ્તારોમાં રહે છે. આ વિસ્તારોમાં રહેતા બાળકોની સુરક્ષા સામે ખુબજ મોટો પ્રશ્ન થાય છે. માતા પિતા કુટુંબનું ભરણ પોષણ કરવા માટે મહેનત કરતા હોય છે ત્યારે બાળકોને એકલા છોડવું પડે છે અને આવા બાળકો વિકૃત માનસિકતા વાળા લોકોનો શિકાર બને છે.

નવસર્જન સુરત શહેરની કુલ 30 ઝૂપડા વિસ્તારોમાં કામ કરી રહ્યું છે. નવસર્જનને આ વિસ્તારોમાં બાળકો, માતા-પિતા, વડીલો, સ્થાનિક આગેવાનો અને સંગઠનનોમાં બાળકોના જાતીય શોષણ બાબતે જાગૃતિ લાવવા અને આ વિસ્તારોને બાળકો માટે સુરક્ષિત બને તે માટે પ્રયત્ન કરવા માટે બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન ચલાવવાનું નક્કી કર્યું. આ મુદો માત્ર એકવાર કહેવાથી કે સમજાવવાથી સમજાશે નહી. આથી નવસર્જન દ્વારા નક્કી કરવામાં આવ્યું કે આપણે આ મુદાને સતત એક અઠવાડિયા સુધી વિવિધ પ્રવુતિઓ થકી લોકો સામે લઈ જઈએ. જેથી ઝૂપડા વિસ્તારોમાં રહેતા છેવાડાના વ્યક્તિ સુધી બાળકોની સુરક્ષા માટેનો સંદેશ પહોચાડી શકાય.

## કાર્યક્રમ માટે કોર ગ્રુપનું ગઠન:

બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન માટે એક અલગ ટીમનું ગઠન કરવામાં આવ્યું. આ ટીમમાં ૮ સભ્યોને સામેલ કરવામાં આવ્યા હતા. બાળ સુરક્ષા જાગૃતિ અભિયાનને સફળ બનાવવા માટે આ ટીમ ઘણીવાર મળી અને આ અભિયાન કેવી રીતે આગળ વધશે, તેમાં કઈ કઈ પ્રવુતિઓ હશે અને તે પ્રવુતિઓની જવાબદારી કોની હશે તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કાર્યક્રમની વિગત:

નવસર્જન દ્વારા તારીખ 18 જાન્યુઆરી થી 23 જાન્યુઆરી - 2021 સુધી સતત ૩૦ ઝૂપડા વિસ્તારોમાં સ્થાનિક મહિલા મંડળો, બાળકો, વાલીઓ અને આગેવાનો સાથે મળીને વિવિધ જાગૃતિ કાર્યક્રમો હાથેધરી લોકોમાં બાળકોની સુરક્ષા અંગે જાગૃતિ અભિયાન ચલાવવાનું નક્કી કર્યું. નીચે જણાવેલ વિવિધ કાર્યક્રમો દરરોજ અલગ અલગ વિસ્તારોમાં કરવામાં આવશે.

### કાર્યક્રમોની યાદી વિગત.

| ક્રમ | કાર્યક્રમ |
|---|---|
| ૧ | ગુડ ટચ અને બેડ ટચ સંદર્ભે વિડીયો શો. |
| ૨ | રેલી અને પોસ્ટર્સ પ્રદર્શન |
| ૩ | સહી ઝુંબેશ, પ્રતિજ્ઞા અને સુરક્ષા બેલ્ટ |
| ૪ | ચિત્રકામ અને સુરક્ષા સર્કલ |
| ૫ | હ્યુમન ચેન ( માનવ સાંકળ) |
| ૬ | રેલી સાથે સુરક્ષાની ગર્જના |



NAVSARJAN
VCHD

## કાર્યક્રમની પૂર્વ તૈયારી :

નવસર્જનનું માનવું છે કે આયોજન અને અમલીકરણમાં જ્યાં સુધી લોકો સામેલ ના થાય ત્યાં સુધી કાર્યક્રમની અસરકારકતા આવતી નથી. જો બાળ સુરક્ષા જાગૃતિ અભિયાનને સફળ બનાવવું હોય તો આ કાર્યક્રમને લોકો વચ્ચે લઇ જઈ તેની ચર્ચા અને તેનું આયોજન કરવાની જરૂર હતી. આથી કોર ગ્રુપ દ્વારા નવસર્જનના તમામ સાથી કર્મચારીઓ સાથે ૨ વાર મીટીંગ રાખી કાર્યક્રમની સમજુતી કેળવી હતી. સાથે સાથે દરેક સાથીને એક વિસ્તારની સ્વતંત્ર જવાબદારી પણ આપવામાં આવી હતી. આ રીતે ૩૦ વિસ્તારો માટે ૩૦ સાથીઓની પસંદગી કરી તે વિસ્તારની જવાબદારી તેમને આપવામાં આવી હતી.

નવસર્જન જે વિસ્તારોમાં કામ કરે છે તે દરેક વિસ્તારોમાં મહિલા સંગઠનો છે. અને આ બધા મહિલા સંગઠનોનું એક મોટું સંગઠન છે. જેને નવચેતના કહેવામાં આવે છે. કોર ગ્રુપ દ્વારા વિસ્તારમાં મીટીગો કરતા પહેલા આ મુખ્ય સંગઠનના ૫૦ સભ્યો સાથે બાળ સુરક્ષા જાગૃતિ સંદર્ભે જાણકારી આપવા અને તેમના સહકાર માટે મીટીંગ કરવામાં આવી હતી. ત્યાર બાદ નવસર્જનના ૩૦ વિસ્તારોમાં બાળકો, માતા-પિતા, વડીલો, મહિલા મંડળના સભ્યો, સ્થાનિક આગેવાનો અને વિસ્તાર સ્તરના વિવિધ સંગઠનો સાથે કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે મીટીંગો રાખવામાં આવી હતી.











NAVSARJAN




ઉપરોક્ત મીટીંગમાં બાળકો સાથે થતા જાતીય શોષણના કિસ્સાની રજૂઆત કરવામાં આવી હતી. લોકોને આ મુદાની ગંભીરતા સમજાવવામાં આવી હતી. સુરતમાં બાળકો સાથે જે દુર્વ્યવ્હારના કેસ વધી રહ્યા છે તેની પણ જાણકારી આપવામાં આવી હતી.

લોકોને આ મુદો ગંભીર છે તે બાબતે પોતે કઇંક કરવું જોઈએ તેવી ઈચ્છા થઇ હતી. આ મીટીંગમાં બાળસુરક્ષા જાગૃતિ અભિયાન બાબતે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત જે પ્રવુતિઓનું આયોજન કરવામાં આવ્યું છે તે તમામ પ્રવુતિઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જેથી લોકોમાં કાર્યક્રમ અને તે અંતર્ગત કરવામાં આવનારી પ્રવુતિઓ બાબતે સ્પષ્ટતા ઉભી થઇ હતી.




આ ઉપરાંત નવસર્જન ના કાર્યકરો દ્વારા કુટુંબ મુલાકાત દરમ્યાન પણ **બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન** બાબતે માહિતી અને સમજુતી આપી હતી.



NAVSARJAN
XCHD

## બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન કાર્યક્રમ:

તારીખ 18 જાન્યુઆરી- 2021 થી 23 જાન્યુઆરી-2021 સુધી નવસર્જન જે ૩૦ ઝૂપડા વિસ્તારોમાં કાર્ય કરે છે તે તમામ વિસ્તારોમાં બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. અભિયાન અંતર્ગત તારીખ 18 જાન્યુઆરી-2021 થી 23 જાન્યુઆરી-2021 સુધી દરરોજ ૩૦ વિસ્તારોમાં અલગ અલગ પ્રવુતિઓ કરવામાં આવી હતી. બીજા શબ્દોમાં રોજ ૩૦ પ્રવુતિ ૩૦ વિસ્તારોમાં કરવામાં આવી હતી. કુલ 6 દિવસ ચાલેલા આ અભિયાનમાં 180 પ્રવુતિઓ કરવામાં આવી હતી. આ પ્રવુતિઓમાં વિસ્તારના સ્થાનિક લોકો, બાળકો, મહિલાઓ, પુરુષો અને સ્થાનિક સંગઠનોએ ભાગ લીધો હતો. બાળ સુરક્ષા જાગૃતિ અભિયાનમાં સહભાગી લોકોની વિગત નીચે પ્રમાણે છે.

| પ્રવૃતિનું નામ | છોકરાઓ | છોકરીઓ | સ્ત્રીઓ | પુરુષ | કુલ |
|---|---|---|---|---|---|
| વિડીયો શો – ગુડ ટચ બેડ ટચ | 1019 | 945 | 788 | 426 | 3178 |
| રેલી સાથે પોસ્ટર પ્રદર્શન | 979 | 1054 | 721 | 359 | 3113 |
| સહી ઝુંબેશ સાથે સિક્કો લગાવવું | 1037 | 1044 | 1217 | 770 | 4068 |
| ચિત્રકામ સાથે સુરક્ષા સર્કલ | 812 | 847 | 649 | 383 | 2691 |
| હ્યુમન ચેન | 1002 | 987 | 785 | 382 | 3156 |
| રેલી સાથે અવાજ ઘોષણા | 873 | 963 | 612 | 252 | 2700 |
| | 5722 | 5840 | 4772 | 2572 | 18906 |









## બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન કાર્યક્રમ:

બાળ સુરક્ષા જાગૃતિ અભિયાનમાં સુરતની ૩૦ ઝૂપડપટ્ટી વિસ્તારોમાં **કુલ 18906** લોકો સહભાગી થયા હતા અને ૩૦ ઝૂપડપટ્ટીમાં રોજના 500 લોકો 6 દિવસ લેખે **કુલ 90,000** થી વધારે લોકોએ આ કાર્યક્રમ નિહાળ્યો હતો. બાળકો, વાલીઓ અને સ્થાનિક સંગઠનના લોકોએ ખુબ જ ઉત્સાહથી આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પોસ્ટર્સ દ્વારા બાળકોનું થતું જાતીય શોષણ કે દુરવ્યર્વહાર બાબતે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. વિડીયો શો દ્વારા બાળકોને સમજાવવામાં આવ્યું હતું કે જો કોઈ વ્યક્તિ તમારી સાથે દુરવ્યવહાર કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો તમારે જોર થી બુમ પાડવી, તે જગ્યાથી કોઈ સુરક્ષિત જગ્યા પર ભાગી જવું અને તમને જેની ઉપર ભરોશો છે તેવા વ્યક્તિને તમારે આ વાત જણાવવી. એક અઠવાડિયા સુધી દરેક વિસ્તારમાં બધા લોકોએ ઉત્સાહથી સારી સંખ્યામાં ભાગ લીધો હતો. દરેક પ્રવૃત્તિ પૂરી સમજ સાથે કરવામાં આવી હતી.

## સરકારી વિભાગો સાથે સંકલન :

નવસર્જન હરહંમેશ સરકારના કાર્યક્રમોમાં સહયોગ આપે છે અને જયારે પોતે કોઈ કાર્યક્રમ કરે છે ત્યારે તે સરકારી વિભાગોને સાથે રાખે છે. બાળ સુરક્ષા જાગૃતિ અભિયાનમાં સુરતના વિવિધ સરકારી વિભાગો સાથે સંકલન કરવાના તેમજ તેઓ આ અભિયાનમાં સાથે જોડાય તે હેતુસર સરકારી વિભાગના અધિકારીઓ સાથે મુલાકાત કરી કાર્યકમની સમજુતી આપી તેમને કાર્યક્રમમાં આવવા માટે આમંત્રિત કર્યા હતા. જેમાં નીચે મુજબના વિભાગો સાથે સંકલન કરવામાં આવ્યું હતું.

| | | | |
|---|---|---|---|
| 1 | સુરત પોલીસ વિભાગ | 4 | સંકલિત બાળ વિકાસ સેવા (આઈ.સી.ડી.એસ) |
| 2 | મહિલા અને બાળ વિકાસ વિભાગ, સુરત | 5 | સરકારી શાળાના આચાર્યો અને શિક્ષકો |
| 3 | જીલ્લા બાળ સુરક્ષા એકમ, સુરત. | 6 | આગણવાડી બહેનો |

## આભાર

બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન ને સફળ બનાવવા માટે દરેક વિસ્તારના મહિલા મંડળોના સભ્યો, બાળકો, વાલીઓ, સ્થાનિક આગેવાનો, સુરત પોલીસ, મહિલા અને અને બાળ વિકાસ વિભાગ, સુરત, જીલ્લા બાળ સુરક્ષા એકમ, આંગણવાડી કાર્યકર્તા, સખી વન સ્ટોપ સેન્ટર સુરત, મીડિયા કર્મચારી તમામ લોકોનો પુરા દિલથી આભાર માનીએ છીએ.

NAVSARJAN XCHD

# સહભાગીઓનો કાર્યક્રમ સબંધે અભિપ્રાય

*"બાળકો માટે અવાજ ઉઠાવ્યો સારું લાગ્યું.આજ સુધી છોકરીઓ માટે જ અવાજ ઉઠાવ્યો હતો, પરંતુ આ કાર્યક્રમ દ્વારા છોકરાઓ માટે પણ અવાજ ઉઠાવ્યો.હવે વાલીઓ પણ ફક્ત છોકરીઓ નહી છોકરાઓ ઉપર પણ ધ્યાન આપશે."*

-- મેમુદા બી ઇલીયાસ પઠાણ (વાલી) – મિલનનગર

*" આજે બાળકો, મહિલાઓ અને દીકરીઓ અસુરક્ષિત મહેસુસ કરી રહ્યા છે ત્યારે ખરેખર આવા કાર્યક્રમની જરૂર છે. માતા-પિતાએ બાળકોની સાવચેતી રાખવી જોઈએ જેથી આપણું બાળક સુરક્ષિત રહે."* -- આરતી અજય ઠાકુર (વાલી)- તડકેશ્વર

*"હું મારા બાળકને કામ પર જાઉં છું ત્યારે બીજાના ભરોસે મુકીને જાઉં છું, પણ આ કાર્યક્રમ દ્વારા શીખી કે મારા બાળકનું હું પોતે ધ્યાન રાખીશ. મારા બાળકને બીજાના ભરોસે મુકીશ નહી."*

-- મંગલબેન વિલીનભાઈ ભામરે (વાલી) – દરગાહ

*"આ કાર્યક્રમથી મને શીખવા મળ્યું કે હું જેમના પર વિશ્વાસ કરું તેમને દરરોજ બધી વાતો કરીશ. હું મારા માતા-પિતાને બધી જ વાત કરીશ."* -- કર્વીશા મહેન્દ્રભાઈ પટેલ (બાળક) -અગાશીનગર

*"આ કાર્યક્રમ દ્વારા મારા માતા-પિતા જાગૃત અને સતર્ક થયા છે. મને ગુડ-ટચ- બેડ-ટચ અને ચાઈલ્ડલાઈન વિશે જાણકારી મળી. આ કાર્યક્રમ કરવાથી મારા મનમાંથી ડર દુર થયો છે."*

-- ભારતી બાબુભાઈ બોરસે (બાળક) - પંચશીલનગર

## નવસર્જન કર્મચારીગણના અનુભવો

લોકો સાથે વાતચીત કરતા જાણવા મળ્યું કે તેઓ ફક્ત છોકરીઓની સુરક્ષાનું વિચારતા હતા,પરંતુ આ કાર્યક્રમ પછી છોકરાઓ પર પણ ધ્યાન આપવાની જરૂર છે તે સમજાયું. બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન માટે બનાવેલા પોસ્ટર્સ વધારે અસરકારક હતા. લોકો તેને સરળતાથી સમજી શકતા હતા. જેમને વાંચતા આવડતું ન હતું તેઓ સામેથી પૂછવા માટે આવતા હતા.દરેક વાલીને પોતાના બાળકની સુરક્ષા તથા બાળકને પોતાની સુરક્ષા કેવી રીતે કરવી તેની સમજ ઉભી થઈ છે. કાર્યક્રમમાં ભાઈઓની પણ હાજરી મોટા પાયે જોવા મળી. લોકોને આપણે જે સંદેશો આપવા માંગતા હતા તે આ કાર્યક્રમ દ્વારા ખરેખર પહોચ્યો છે. આવા કાર્યક્રમ વિસ્તારમાં સતત કરતા રહેવા જોઈએ જેથી લોકોમાં જાગૃતિ આવે અને બાળશોષણ રોકી શકાય.

NAVSARJAN XCHD

# બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન

## મુખ્ય કમિટી

| | | |
|---|---|---|
| ફા. રાજીવ ચક્રનારાયણ એસ.જે | સમીર મેકવાન | સુનીલ વાતાસ |
| સાહિલ પટેલ | પાયલ ગામીત | સંગીતા ઠાકુર |
| સંગીતા પટેલ | ખુશ્બુ શર્મા | |

## નવસર્જન કાર્યકરો

| | | |
|---|---|---|
| મહિસરાબેન રાજપૂત | કલાબેન બાવીસ્કર | વિનય જાદવ |
| હેમાંગીનીબેન ડામોર | શેરોન ચૌધરી | શોભાબેન બાસુરે |
| ઉર્મિલાબેન ચૌહાણ | માલતીબેન પવાર | જોયસબેન જેરોમ |
| આશાબેન પવાર | મનિષાબેન મોરે | સંગીતા સોનવણે |
| માલતીબેન તંબોલી | સુનિતા નિષાદ | માલતીબેન પટેલ |
| અમિષાબેન મકવાણા | રેશમા શાહ | મોહિની મેનારીયા |
| ગોદાવરીબેન રાઠોડ | દક્ષાબેન પટેલ | મમતા મેનારિયા |
| અંજલી સેલાર | સુનિતાબેન પાનપાટીલ | રંજનબેન સોલંકી |
| રાજેશ વસૈયા | નીલેશ ગરાસીયા | મહેમુદ વ્હોરા |
| હીના શેખ | માલતીબેન ગામીત | સેવન રાજપૂત |
| ભીખુભાઈ વસાવા | કેસીબેન વસાવા | વિકાસ રોકડે |

NAVSARJAN
XCHD

# નવસર્જન પ્રેરિત મહિલા

| ક્રમ | વિસ્તાર | મંડળનું નામ | ક્રમ | વિસ્તાર | મંડળનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | શિવશક્તિ | નવચેતના મહિલા મંડળ | ૧૬. | પાંડેસરા | નારી સુરક્ષા મહિલા મંડળ |
| ૨. | માનવસેવા | અખંડ મહિલા મંડળ | ૧૭. | ગૌતમનગર | નારી જાગૃતિ મહિલા મંડળ |
| ૩. | પાટીચાલ | નવરચના મહિલા મંડળ | ૧૮. | સ્વામીવિવેકા | નવદુર્ગા મહિલા મંડળ |
| ૪. | આનંદનગર | ક્રાંતિ મહિલા મંડળ | ૧૯. | અલથાણ | સાંઈબાબા મહિલા મંડળ |
| ૫. | સંગમટેકરી | અમર જ્યોત મહિલા મંડળ | ૨૦. | તડકેશ્વર | નારી શક્તિ મહિલા મંડળ |
| ૬. | અગાસીનગર | સબકા સાંઈ મહિલા મંડળ | ૨૧. | રસુલાબાદ | નારી પ્રગતી મહિલા મંડળ |
| ૭. | મિલનનગર | જય હિંદ મહિલા મંડળ | ૨૨. | ઇન્દિરાનગર | સિધાર્થ મહિલા મંડળ |
| ૮. | મગદુમનગર | જાગૃતિ મહિલા મંડળ | ૨૩. | રાંદેર | નારી મુક્તિ મહિલા મંડળ |
| ૯. | ભાઠેના | સંતોષી મહિલા મંડળ | ૨૪. | પંચશીલનગર | પંચશીલ મહિલા મંડળ |
| ૧૦. | સંજયનગર | નવજીવન મહિલા મંડળ | ૨૫. | હરીદ્વારનગર | રમાબાઈ મહિલા મંડળ |
| ૧૧. | ઉધના ૭ | બોદ્ધ મહિલા મંડળ | ૨૬. | છલિયાનગર | સરસ્વતી મહિલા મંડળ |
| ૧૨. | ઉધના ૮ | લક્ષ્મી પ્રગતિ મહિલા મંડળ | ૨૭. | પ્રેમનગર | સાવિત્રીબાઈ મહિલા મંડળ |
| ૧૩. | ઉધના ૯ | ગૌતમ મહિલા મંડળ | ૨૮. | કમરૂનગર | વિશ્વાસ મહિલા મંડળ |
| ૧૪. | શિવાજીનગર | જયભીમ મહિલા મંડળ | ૨૯. | સિધાર્થનગર | રુદ્ર મહિલા મંડળ |
| ૧૫. | બી.આર.સી | એકતા મહિલા મંડળ | | | |

NAVSARJAN
XCHD

# પ્રિન્ટ મીડિયા કવરેજ

## સંદેશ ૨૦-૧-૨૦૨૧

બાળકો-વાલીઓને શોર્ટ મૂવી, પોસ્ટર પ્રદર્શન થકી ગૂડ ટચ-બેડ ટચની સમજ અપાશે

# શહેરના સ્લમ વિસ્તારોમાં બાળ સુરક્ષા જાગૃતિ ઝુંબેશ

બાળકો પર વધતા જાતીય શોષણના કેસો સામે લડવા નવસર્જન સંસ્થા આગળ આવી

। સુરત ।

પરપ્રાંતીયોથી ઉભરાતા સુરત શહેરમાં માસૂમ બાળકો પર જાતિય જાતિય શોષણના કેસોમાં ચિંતાજનક હદે વધારો નોંધાયો છે. ખાસ કરીને સ્લમ વિસ્તારોમાં આ પ્રકારની મહત્તમ ઘટનાઓ બનતી હોય છે. મોટાભાગની ઘટનાઓમાં શ્રમજીવી પરિવારની બાળાઓ નરાધમની હવસનો શિકાર બને છે. સાથોસાથ એક સર્વે પ્રમાણે ૮૦ ટકા કેસમાં પરિચિત વ્યક્તિ જ માસૂમ બાળકીઓનું જાતિય શોષણ કરતો હોવાનું ફલિત થયું છે. સમજ કહો કે જ્ઞાનના અભાવે બાળકીઓ વાસનાલોલૂપની લોભામણી લાલચમાં આવી જઈ દુષ્કર્મનો ભોગ બને છે. જેથી શહેરની સેવાભાવી નવસર્જન સંસ્થાએ સ્લમ વિસ્તારમાં રહેતા લોકોને બાળ શોષણ સામે જાગૃત કરવા બાળ સુરક્ષા અભિયાન શરૂ કર્યુ છે. સંસ્થા શહેરના ૩૦ જેટલાં સ્લમ વિસ્તારોમાં સપ્તાહ સુધી બાળ સુરક્ષા અભિયાન ચલાવી શોર્ટ મુવી, પોસ્ટર પ્રદર્શન, સહિ ઝુંબેશ સહિતના કાર્યક્રમો કરી લોકોને બાળશોષણ સામે અવાજ ઉઠાવવા માર્ગદર્શન આપશે.



### પ્રજા બાળશોષણ સામે અવાજ ઉઠાવે તે ઉદ્દેશ્ય

નવસર્જન સંસ્થાના પ્રોગ્રામ મેનેજર સમીર મેકવાને જણાવ્યું કે, સ્લમ વિસ્તારની પ્રજા બાળ શોષણ સામે પોતાનો અવાજ ઉઠાવે અને બાળકોના રક્ષણ માટે આગળ આવે તે ઉદ્દેશ્યથી આ જનજાગૃતિ અભિયાન શરૂ કરાયું છે. જે અંતર્ગત સુરત શહેરના ૩૦ ઝૂપડપટ્ટી વિસ્તારોમાં તા.૧૮મીથી આ ઝુંબેશ શરૂ કરી દેવાઇ છે. આગામી તા.૨૩ જાન્યુઆરી સુધી આ અભિયાન ચાલશે. જેમાં બાળકો- વાલીઓને શોર્ટ મુવી બતાવી ગૂડ ટચ- બેડ ટચ અંગે જાણકારી આપવામાં આવશે. સાથોસાથ પોસ્ટર પ્રદર્શન, ચિત્રકામ સ્પર્ધા, સહી ઝુંબેશ સહિતના કાર્યક્રમો થકી પણ લોકોને જાગૃત કરવાના પ્રયાસો થશે. લોકોને પોતાની ભાષામાં જાણકારી મળી રહે તે હેતુથી અલગ-અલગ ભાષામાં છપાવેલા પેમ્પલેટનું પણ વિતરણ કરાશે. સરકારી વિભાગોને સાથે સંકલન રાખી બાળ સુરક્ષા ઝુંબેશ ચલાવવામાં આવશે એમ પણ તેમણે ઉમેર્યું હતુ.

### પોક્સો કાયદા અંતર્ગત સુરતમાં ૨૭૦ કેસ નોંધાયા

બાળકો પર થતા શારીરિક કે જાતિય અત્યાચારના કેસમાં પોસ્કો કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. બાળકોને રક્ષણ આપવા માટે બનાવવામાં આવેલા આ નવા કાયદા મુજબ સુરતમાં વર્ષ ૨૦૧૮માં ૨૭૪ કેસ, ૨૦૧૯માં ૩૫૮ કેસ અને ૨૦૨૦માં ૨૭૦ કેસ કોર્ટમાં નોંધાયા હતા, જે ચિંતાજનક બાબત છે. આ ઉપરાંત, સુરત શહેરમાં છેલ્લાં બે વર્ષમાં બળાત્કારના ૪૫૨ કેસ નોંધાયા હતા. બળાત્કારના કેસોમાં ગુજરાતમાં સુરતનો બીજો ક્રમ છે એમ પણ સમીર મેકવાને જણાવ્યું હતુ.

## દિવ્યભાસ્કર. 21.1.21

4

# નવસર્જનના બાળ સુરક્ષા જાગૃતિ અભિયાનનો પ્રારંભ





સુરત:નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલપમેન્ટ દ્વારા બાળ સુરક્ષા જાગૃતિ અભિયાનનો પ્રારંભ કરાયો છે. 23 જાન્યુઆરી સુધી ચાલનારા અભિયાનમાં 30 જેટલી ઝુંપડપટ્ટીમાં ગુડટચ-બેડટચ વીડિયો શો, રેલી અને પોસ્ટર પ્રદર્શન, સહી ઝુંબેશ, પ્રતિજ્ઞા અને સુરક્ષા બેલ્ટ, ચિત્રકામ અને સુરક્ષા સર્કલ, માનવ સાંકળ તેમજ રેલી સાથે સુરક્ષાની ગર્જના જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

# પ્રિન્ટ મીડિયા કવરેજ

**૨ ગુજરાત સમાચાર** (સુરત આવૃત્તિ)



બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન અંતર્ગત શહેરના સ્લમ વિસ્તારમાં રહેતા બાળકોને શોષણથી બચાવવા અને શિક્ષણ વંચિત ન રહે તે માટે નવસર્જન દ્વારા કાર્યક્રમ યોજાયો હતો.

Dhabkar_21-01-2021.pdf

૨ ૨૧-૦૧-૨૦૨૧ ગુરૂવાર







નવસર્જન ટ્રસ્ટ દ્વારા શહેરમાં બાળસુરક્ષા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. (તસવીર : મિતેશ)

## રાજસ્થાનપત્રિકા
## ૧૯-૧-૨૦૨૧

## बच्चों को समझाया गुड टच-बैड टच

**सूरत.** नवसर्जन जेवियर्स सेल फॉर ह्यूमन डेवलपमेंट द्वारा बाल सुरक्षा जागृति अभियान के तहत 23 जनवरी तक शहर की 30 झोपड़पट्टियों में बच्चों पर होने वाले जातीय शोषण के संदर्भ में जागरुकता फैलाई जाएगी। प्रोग्राम मैनेजर समीर मेकवान ने बताया कि सोमवार दोपहर बारह से शाम छह बजे तक शहर के क्षेत्रों में वीडियो शो, पांच पोस्टर प्रदर्शन, 17 स्थलों पर हस्ताक्षर अभियान व मानव श्रृंखला बनाकर शपथ कार्यक्रम किया गया।

NAVSARJAN XCHILD

# પ્રિન્ટ મીડિયા કવરેજ

PAGE -04

**કેપિટલ ઈન્ડિયા**

## નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલપમેન્ટ સુરત બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન

સુરત- નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલપમેન્ટ સુરત બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન આપણા સમાજમાં બાળકો સાથે થતા દુષ્કર્મ થઈ રહ્યા છે અને જાતીય શોષણના પણ બનાવો બની રહ્યા છે.આવા બનાવો ન બને તે માટે લોકોમાં જાગૃતિ લાવવા ૧૮ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી સુધી ૩૦ વિસ્તારો માં નવસર્જન દ્વારા " બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન " નું આયોજન કરવામાં આવ્યું છે. આ જાગૃતિ લાવવા માટે સ્થાનિક મહિલા સંગઠનો દ્વારા ૩૦ વિસ્તારો માં અલગ અલગ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૧) વીડિયો શો ૨ ) રેલી અને પોસ્ટર પ્રદર્શન ૩) સહી ઝુંબેશ, પ્રતિજ્ઞા, સુરક્ષા ચેક ૪) હ્યુમન ચેન ૫) રેલી અને અવાજ સાથે ઘંટનાદ ૬) ચિત્રકામ અને સુરક્ષા સર્કલ વગેરે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જયહિન્દ મહિલામંડળ મિલનનગર આંજણા ફાર્મ કમેલા, સુરત



**લોકોમાં જાગૃતિ લાવવા ૧૮ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી સુધી ૩૦ વિસ્તારો માં નવસર્જન દ્વારા " બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન ' નું આયોજન કરવામાં આવ્યું છે.**

# ધર્મ-સમાજ-સંસ્થા

દિવ્ય ભાસ્કર, સુરત, રવિવાર, 31 જાન્યુઆરી, 2021

## બાળ સુરક્ષાનો સંદેશ આપવા 6 દિવસમાં 180 કાર્યક્રમો કરી 60 હજાર લોકોને જાગૃત કર્યા

### નવસર્જન સેલે શહેરના 30 વિસ્તારમાં અભિયાન ચલાવ્યું



સિટી રિપોર્ટર | સુરત

નવસર્જન ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલપમેન્ટ સંસ્થા દ્વારા 6 દિવસનું બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં બાળકો પર થતા જાતીય શોષણ વિશે 60 હજારથી વધુ લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. આ અભિયાનમાં 19 હજારથી વધુ લોકો જોડાયા હતા. કુલ 180 કાર્યક્રમો યોજીને બાળકો અને વાલીઓને ગુડ ટચ-બેડ ટચ વિશે સમજાવવામાં આવ્યા હતા. લોકોને સમજાવવા માટે સંસ્થા તરફથી વીડિયો, રેલી, પોસ્ટર્સ પ્રદર્શન, સહી ઝુંબેશ, પ્રતિજ્ઞા, ચિત્રકામ અને હ્યુમન ચેન જેવા માધ્યમોનો ઉપયોગ કરાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કુલ 30 વિસ્તારોમાં સંસ્થાએ વિઝિટ કરી હતી અને લોકોને બાળકો સાથે થતા દુર્વ્યવહાર અને તેને કેવી રીતે રોકી શકાય તે સંદર્ભે માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને વીડિયો શો દ્વારા બાળકોને સારો સ્પર્શ અને ખરાબ સ્પર્શ વિશે ખુબ જ સરળ રીતે સમજ અપાઈ હતી.

NAVSARJAN

# પ્રિન્ટ મીડિયા કવરેજ

લોકદિન

બુધવાર, તા. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૧

## સુરતમાં સતત છ દિવસ, ૩૦ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં બાળસુરક્ષા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે



### સુરતમાં બાળકો પર વધતા જાતીય શોષણના કેસો સામે નવસર્જન સંસ્થાનોબાળ સુરક્ષા જાગૃતિ અભિયાનનો મેધાવી યજ્ઞ

સુરત

સુરતમાં દિવસેને દિવસે બાળકોના જાતીય શોષણના બનાવો વધી રહ્યાં છે. આ સંદર્ભે લોકોમાં જાગૃતિ આવે અને બાળકોને એક સુરક્ષિત વાતાવરણ મળી રહે તે હેતુસર સુરતની ૩૦ ઝૂપડપટ્ટી વિસ્તારોમાં તા. ૧૮-૦૧-૨૦૨૧ થી લઇને તા. ૨૩-૦૧-૨૦૨૧ સુધી બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન ચલાવશે જેમાં બાળકો, વાલીઓ અને વડીલો સાથે રાખી વીડિઓ શો, પોસ્ટર્સ પ્રદર્શન, સહી ઝૂંબેશ, ચિત્રકામ વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાંખાસ કરીને વિડીઓ શો દ્વારા બાળકોને સારો સ્પર્શ અને ખરાબ સ્પર્શ વિશે ખૂબ જ સરળ રીતે વિડીઓ અને ચર્ચા દ્વારા બાળકોને સમજ આપવામાં આવશે. તેમજ આ વિડીઓ શો વાલીઓ તેમજ સમાજના દરેક વ્યક્તિને પણ સમજ આપવામાં આવશે. તેઓ પણ બાળકોને સારા સ્પર્શ અને ખરાબ સ્પર્શ વિશે માહિતગાર કરી શકશે જેના દ્વારા બાળકો પણ બાળ શોષણ સામે લડત આપી શકશે. પોસ્ટર પ્રદર્શન, સહી ઝુંબેશ અને માનવ સાંકળ દ્વારા લોકોમાં બાળ સુરક્ષા અંગે જાગૃતિ લાવી તેઓ બાળ શોષણ સામે પોતાનો અવાજ ઉઠાવે અને બાળકોના રક્ષણ માટે આગળ આવશે. આ પ્રકારની જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.

નવસર્જન- ટ્રેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવલોપમેન્ટ દ્વારા આ કાર્યક્રમ માટે સુરતની ૩૦ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં મિટિંગ લઇ બાળકો, મહિલાઓ અને પુરુષો તેમજ વિસ્તાર સ્તરે કાર્યરત સંગઠનોને પણ આ કાર્યક્રમની સમજ આપશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં સરકારી ખાતાને પણ સંકલન કરી આવરી લેવામાં આવેલ છે જેમાં ખાસ કરીને બાળકો સાથે સંકળાયેલ જિલ્લા બાળ સુરક્ષા એકમ, મહિલા અને બાળ વિકાસ વિભાગ સંકલિત બાળ વિકાસ સેવા (આઈસીડીએસ) તેમજ પોલીસ વિભાગને પણ સામેલ કરવામાં આવેલ છે.

okdinsurat@gmail.com

“બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન” અંતર્ગત

## બાળકો પર થતા જાતીય શોષણ સંદર્ભે સતત ૬ દિવસ કાર્યક્રમો કરી ૬૦,૦૦૦ થી વધુ લોકોને જાગૃત કરાયા




### “બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન” ને અભૂતપૂર્વ સહકાર, ૬૦,૦૦૦થી વધુ લોકો જાગૃત થાય, ૧૯,૦૦૦ થી વધુ લોકો સહભાગી થયા

“બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન” અંતર્ગત ૧૮ જાન્યુઆરી ૨૦૨૧ થી લઈને ૨૩ જાન્યુઆરી સુધી સતત ૬ દિવસ સુરતના ઝુપડા વિસ્તારોમાં કુલ ૧૮૦ કાર્યક્રમો યોજવામાં આવેલ જેમાં ગુડ ટચ અને બેડ ટચ વિડ્યો શો, રેલી અને પોસ્ટર્સ પ્રદર્શન, સહી ઝુંબેશ, પ્રતિજ્ઞા, ચિત્રકામ અને હ્યુમન ચેન ( માનવ જેવી પ્રવુતિઓ કરવામાં આવી હતી.


“બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન” અંતર્ગત કુલ ૩૦ વિસ્તારોમાં ૧૮૦ જેટલા કાર્યક્રમો દ્વારા કુલ ૬૦૦૦૦ થી વધુ લોકોને બાળકો સાથે થતા દુર્વ્યવહાર અને તેને કેવી રીતે રોકી શકાય તે સંદર્ભે જાગ્રુત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ ખાસ કરીને વીડિઓ શો દ્વારા બાળકોને સારો સ્પર્શ અને ખરાબ સ્પર્સ વિશે ખુબ જ શરળ રીતે વીડિઓ અને ચર્ચા દ્વારા બાળકોને સમજ આપવામાં આવી હતી. પોસ્ટર પ્રદર્શનદ્વારા લોકોને બાળકોની સુરક્ષા વિશે જાગૃત કરવામાં આવ્યા, સહી ઝુંબેશ દ્વારા લોકોએ બાળકોની સુરક્ષાની પ્રતિજ્ઞા લઇ સહી કરી પોતાના હાથમાં બાળ સુરક્ષાના સિક્કા લગાવ્યા અને માનવ સાંકળ દ્વારા બાળ સુરક્ષા કવચ રૂપી બાળ સુરક્ષાના સંદેશને લોકો સુધી પોહચાડવામાં આવ્યો. બાળ સુરક્ષા અંગે જાગૃતિ લાવી તેઓ બાળ શોષણ સામે પોતાનો અવાજ ઉઠાવે અને બાળકોના રક્ષણ માટે આગળ આવે આ પ્રકારે આ બધા જ કાર્યક્રમ કર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં જીલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા લોકોને બાળકોને લગતી વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત સુરત સિવિલ હોસ્પિટલમાં ચાલતા સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારી પણ હાજર રહી તમણે પણ બાળકી અને મહિલાને લગતી તેમની કામગીરી વિશેની માહિતી આપી હતી.


નવસર્જન
ઝેવિયર્સ સેલ ફોર હ્યુમન ડેવેલોપમેન્ટ, સુરત
પ્રેરિત
બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન
તારીખ ૧૮ જાન્યુઆરી થી ૨૩ જાન્યુઆરી-૨૦૨૧
સુરક્ષિત સમાજ, પ્રસન્ન બાળપણ એ બાળકોનો અધિકાર છે. !!!
બાળકો સાથે થતા જાતીય શોષણના બનાવો અટકાવવા માટેના પ્રયાસના ભાગ રૂપે નવસર્જન પોતાના 30 કાર્ય વિસ્તારોમાં બાળ સુરક્ષા જાગૃતિ અભિયાન ચલાવશે. જેમાં દરરોજ અલગ અલગ કાર્યક્રમ દ્વારા 30 ઝૂપડપટ્ટી વિસ્તારોમાં રહેતા તમામ લોકોમાં બાળકોની સુરક્ષા માટે જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરશે.
ચાલો બાળકોને સુરક્ષિત
સમાજ આપવા પ્રતિબદ્ધ થઈએ.!
ફાધર રાજીવ ચક્રનારાયણ
સંચાલક અને નવસર્જન ટીમ
નવસર્જન, જુના RTO પાસે, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૧
ફોન: ૦૨૬૧૨૪૭૫૬૮૩


नवसर्जन
जेवियर्स सेल फोर ह्यूमन डेवेलोपमेंट
बाल सुरक्षा जागृति अभियान
आओ बच्चो ! हम आप को सुरक्षित समाज दे।
पुराणी RTO., ऑफिस के पास, रिंग रोड, सुरत-395001

# પોસ્ટર્સ


कही आपका लड़का / लडकी
यौन शोषण का
शिकार तो नहीं है ?
अपने बच्चो से बात कीजिए ।
नवसर्जन
जेवियर्स सेल फोर ह्यूमन डेवेलोपमेंट
पुरानी RTO., के पास, रिंग रोड, सुरत-395001


मेरी सुरक्षा की
जिम्मेदारी
किसकी ???
नेशनल क्राइम रिकॉर्ड ब्योरे के अनुसार:
भारत में हर दिन 108 बच्चे यौन शोषण का शिकार होते है ।
नवसर्जन
जेवियर्स सेल फोर ह्यूमन डेवेलोपमेंट
पुरानी RTO., के पास, रिंग रोड, सुरत-395001


नवसर्जन
जेवियर्स सेल फोर ह्यूमन डेवेलोपमेंट
पुरानी RTO., के पास, रिंग रोड, सुरत-395001
अपराधियों
की
हरकतो
को
नजरअंदाज
ना
करे ।
एक अंदाज के अनुसार रोजाना 5 बच्चे
बाल यौन शोषण के कारण मर जाते हैं।


क्या ऐसा
महसूस होता है
कि कुछ सही नहीं है।
हमें बताओ।
CHILD LINE 1098
NIGHT & DAY
नवसर्जन
जेवियर्स सेल फोर ह्यूमन डेवेलोपमेंट
पुरानी RTO., के पास, रिंग रोड, सुरत-395001


माता-पिता को सब कुछ
बताना चाहिए।
चलो
बात
करते
हैं ।
नवसर्जन
जेवियर्स सेल फोर ह्यूमन डेवेलोपमेंट
पुरानी RTO., के पास, रिंग रोड, सुरत-395001


नवसर्जन
जेवियर्स सेल फोर ह्यूमन डेवेलोपमेंट
The Protection of Children From
Sexual Offences (Amendment)-2019
यौन अपराधों से बच्चों का
संरक्षण (संशोधन) विधेयक, 2019
इस अधिनियम में 7 साल
से लेकर उमकैद और
मौत की सजा का प्रावधान है।
पुरानी RTO., के पास, रिंग रोड, सुरत-395001


नवसर्जन
जेवियर्स सेल फोर ह्यूमन डेवेलोपमेंट
तुम्हारा शरीर
तुम्हारा ही है।
अगर कोई,
आपको छूता है
तो उसे
" ना "
कहेना ठीक है ।
पुरानी RTO., के पास, रिंग रोड, सुरत-395001


SAFE HOME, SAFE STREET
बच्चों की सुरक्षा बढ़ाने के लिए सूरत शहर पुलिस की एक पहल
माता-पिता को ध्यान में लेने की बातें
बच्चे को ध्यान में रखने जैसी बातें
सोसायटी को ध्यान में रखने जैसी बातें
कोई बच्चा किसी संदिग्ध जगहमे किसी अनजान आदमी के साथ दिखे
तो निम्नलिखित नंबर पर पोलिस को जानकारी दे ।
(100, 2241301, 2241302, 2241303)
व्हाट्स एप नंबर : 9081991100
"बाल सुरक्षा हम सभी की प्राथमिक जिम्मेदारी है"

# પોસ્ટર્સ પ્રદર્શન














# સહી ઝુંબેશ







# સહી ઝુંબેશ





# ચિત્રકામ













# માનવ સાંકળ







